Gujarat Samachar Pg 7, 15th April 2022

# બિટકોઈનના ભાવ ૪૧ હજાર ડોલર ઉપર : આઈસી૧૫ ઈન્ડેક્સ ૧,૫૯૧ પોઈન્ટ વધ્યો

મુંબઈ,તા. ૧૪

રોકાણકારોનો ક્રીપ્ટોકરન્સીમાં વિશ્વાસ વધ્યો હોવાથી સૌથી મોટી ક્રીપ્ટોકરન્સી - બિટકોઈન સતત બે સપ્તાહ વધ્યા બાદ ગુરુવારે ૪૧,૦૦૦ ડોલરની ઉપર ગયો હતો.

અમેરિકામાં બુધવારે શેરબજાર ઉંચે ગયું હતું. યુક્રેનથી હજી ગમગીન સમાચારો આવી રહ્યા છે અને વૈશ્વિક સ્તરે ફુગાવો વધતો ચાલ્યો છે એવા સમયે એસએન્ડપી ૫૦૦ ઈન્ડેક્સ ૧ ટકો વધ્યો હતો. નોંધનીય રીતે સોનાના ભાવમાં પણ વધારો થયો હતો.

અમેરિકામાં ફુગાવો હવે આજના સ્તર કરતાં વધારે ઉંચે જઈ શકે નહીં એવી કેટલાક અર્થશાસ્ત્રીઓની ધારણા સાચી હોય એ રીતે ક્રીપ્ટોકરન્સી માર્કેટ અને સ્ટોક માર્કેટમાં નોંધપાત્ર વૃદ્ધિ થઈ છે.

પાછલા ચોવીસ કલાકના ગાળામાં ઈથેરિયમ ૨ ટકાની વૃદ્ધિ સાથે ૩,૧૦૦ ડોલર પર પહોંચ્યો છે. મુખ્ય ઓલ્ટરનેટિવ કોઈનમાં પણ ભાવ વધ્યા છે.

દરમિયાન, ક્રીપ્ટોવાયરે લોન્ચ કરેલો વિશ્વનો સર્વપ્રથમ ક્રીપ્ટો ઈન્ડેક્સ - આઈસી૧૫ ગુરુવારે બપોરે ચાર વાગ્યે પૂરા થયેલા ચોવીસ કલાકમાં ૨.૬૬ ટકા (૧,૫૯૧ પોઈન્ટ) વધીને ૬૧,૩૮૮ પોઈન્ટ બંધ રહ્યો હતો. ઈન્ડેક્સ ૫૯,૭૯૬ ખૂલીને ૬૨,૦૮૭ સુધીની ઉપલી અને ૫૯,૨૩૦ પોઈન્ટની નીચલી સપાટીએ ગયો હતો.